


"અરે વાહ..! આજકાલ અમદાવાદ-ગાંધીનગર તો ચોખ્ખા-ચોખ્ખા લાગે છે..!!"

"કેમ ?! દબાણો હટાવ્યા એટલે..?!"

"હાસ્તો..! વર્ષોથી અડ્ડા જમાવીને બેઠેલા અને માર્ગમાં અવરોધક બનતા દબાણ હટાવ્યા પછી રસ્તા કેવા પહોળા-પહોળા લાગે છે.'.

"તે કેમ હમણાં જ બ્રહ્મજ્ઞાન થયું આ..?! અઢી દાયકાથી તો તમારી જ સરકાર હતી, ચોવીસ-પચીસ વર્ષ કંઈ કર્યું નહીં ને હમણાં જ સફાળા જાગ્યા..?!"

"ખરા છો તમે તો..?! જે થુયું એને બિરદાવવાની વાત તો એક બાજુએ રહી ને અત્યાર સુધી કેમ ના થયું..? એની પંચાત કરો છો. ભુલ કાઢવી એટલે કાઢવી જ..!!"

"તમનેય ખબર છે સાહેબ... આ તો હાઈકોર્ટે કાન આમળ્યા અને તંત્ર દોડવા લાગ્યુ..!! ચાલુ કોર્ટમાં બે અલગ-અલગ કેસમાં કમિશ્નરોનો હાઈકોર્ટે જે ઉઘડો લીધો છે... તેના ચમત્કાર છે આ બધાં..!! તમારે સ્વીકારવું-ના સ્વીકારવું તમારી મરજીની વાત છે..!"

"સારૂ હોય એટલે સ્વીકારવું જ પડે ને..?! જુઓને આ અમારી સરકારે રાતો-રાત ફરમાનો બહાર પાડી દીધા કે રાજ્યના કોઈપણ નગર કે મહાનગરોમાં કોઈ પણ પ્રકારનું દબાણ ચલાવી લેવાશે નહિ. મોટા ચમરબંધીને પણ છોડાશે નહિં, આખુ ગુજરાત દબાણ મુક્ત બની જશે."

"વાહ... ભાઈ... વાહ..! હશે જાગ્યા ત્યારથી સવાર. ભલુ થજો હાઈકોર્ટનું કે તમને જગાડ્યા..! પણ હજુ કેટલાય પ્રશ્નો રાહ જોઈને ઉભા છે, હાઈકોર્ટના કડક ચુકાદાની..!!"

"એટલે..?! તમે શું કહેવા માંગો છો..!? કોર્ટ જ્યારે કહેશે ત્યારે જ અમે કામ કરીએ છીએ. અમારી તો ગતિશીલ સરકાર છે, સંવેદનશીલ સરકાર છે, ભ્રષ્ટાચાર મુક્ત સરકાર છે."

"બસ... બસ... બસ..! ચૂંટણીની વાર છે. ભાષણ ના કરો. હજુ જમીન માપણીના કાંડની શાહી સુકાઈ નથી..! મગફળી કાંડ હજુ ગુજરાતમાં ગાજે છે, ફી ઘટાડાની વાત હજી ભુલાઈ નથી, ખેડૂતોના પોષણક્ષમ ભાવો હજુ અધ્ધરતાલ છે... બાકી તો ગણાવવા બેસીશુંને તો સાંભળી સાંભળીને થાકી જશો..!!"

"હેં...એ..! બીક બતાવો છો, અમારા વિકાસને વગોવો છો, તમને ચાર-પાંચ મોંએ ચડી ગયા છે એટલે દર વખતે હાંકે રાખો છો..!!"

"હંઅહ..! તો નવી વાત કરૂ..?! હવે તો તમારા પક્ષમાં ધારાસભ્યના ભલામણ પત્રો આપવાના રૂપિયા ઉઘરાવાય છે અને એ પણ પ્રદેશના મોભીઓ જ્યાં રહે છે એવા ગાંધીનગરમાં..!! આ તો એક સેમ્પલ છે. ગોડાઉન તો આખુ ભરેલુ છે..!!"

"હવે રહેવા દોને..! તમારી કરમ કહાણીથી દેશ આખો પરિચિત છે. 'સો ચુહે મારકે બિલ્લી હજ કો ચલી' જેવા ઘાટ છે..!!"

"હા..! એટલે તો અમે હારી ગયા.. હવે તમારેય હારવું છે..?! પ્રજાને તો એમ થાય છે કે બધાયે આવા જ છે..?! કોને વખાણવા ને કોને વખોડવા..?! જવાદો ને..! વાત જ..!!"

"હા હું તો એ જ કહું છુ..! રાજકારણથી જેટલા દૂર એટલું સારૂ..! ખરૂને..?!"

"હા... સાહેબ... હા..!!"

# શહેરને પ્લાસ્ટીક-પ્રદુષણ મુકત બનાવીએ

**ગાંધીનગરના ૫૪માં જન્મદિવસે જીઇબી વિશ્રામગૃહ ખાતે દિપ પ્રાગટ્ય અને વૃક્ષારોપણ કરાયું : પ્રભારી મંત્રી પરબત પટેલ, ધારાસભ્ય ડો. સી.જે. ચાવડા, મેયર પ્રવિણ પટેલ અને કલેક્ટર એસ. કે. લાંગા સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના ૫૪ માં જન્મદિવસની આજે જી ઇ બી વિશ્રામગૃહ ખાતે દિપપ્રાગ્ટય અને વૃક્ષારોપણ કરી ઉજવણી કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળ આયોજિત આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત જિલ્લા પ્રભારી સચિવ પરબત પટેલે નગરને પ્લાસ્ટીક અને પ્રદુષણ મુક્ત બનાવવાના સરકારના અભિગમને વેગ આપવા માટે નગરજનોને અપીલ કરી હતી.

ગાંધીનગર જિલ્લાના પ્રભારી પરબત પટેલે જણાંવ્યુ હતુ કે કર્મચારી નગર તરીકેની છાપ ભુંસીને સ્માર્ટ સીટી બનવા તરફ પગરવ માંડતુ ગાંધીનગર સામાજિક સંવેદનશીલતાનુ નગર બની રહેશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે ૫૩ વર્ષની પ્રગતિમાં અનેક અગ્રણીઓનુ યોગદાન છે. નગરના નિર્માણ માટે જમીન આપનારા ખેડુતો સહીત નગરના પ્રશ્નોનુ સરકારના સકારાત્મક અભિગમથી નિરાકરણ આવી રહયુ છે. મહાત્મા ગાંધી તેમજ રવિશંકર મહારાજને યાદ કરીને તેમણે ઉમેર્યુ હતુ કે આપણે આપણા નગર માટે શુ કરી શકીએ તેનુ ચિંતન દરેક નાગરિકે કરવુ જોઈએ. પ્રદુષણમુક્ત અને પ્લાસ્ટીક મુક્ત અને હરિયાળા નગર માટે સરકારના અભિગમને વેગ આપવા આમ નાગરિકો સહયોગ આપે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલે જણાંવ્યુ હતુ કે શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો છે જે ગૌરવની વાત છે. પી એમના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા નગરજનોને સહયોગ આપવા માટે અપીલ કરી હતી. પ્લાસ્ટીક મુક્ત અભિયાન અંતર્ગત ૧૨ હજાર જેટલી કાપડ બેગના વિતરણનો પ્રારંભ પણ જી ઇ બી ખાતેથી કર્યો હતો. જિલ્લા કલેકટર લાંગાએ ક્લીન સીટી અને સ્માર્ટ સીટીના નિર્માણ માટે નગરજનોને સક્રીયતાથી જોડાવવા અપીલ કરી હતી.નગરને સ્વચ્છતાના મામલે ૨૬ માં ક્રમેથી પ્રથમ હરોળમાં લાવવા માટે પ્રયત્નશીલ રહેવા પણ

● અનુસંધાન પાન-૭ પર



# ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ઉત્તર ગુજરાત વિસ્તારમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર જિલ્લામાં નોંધાયો છે. જિલ્લામાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં સિઝનનો માત્ર ૧૮.૩૪ ટકા જ વરસાદ નોંધાયો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૧.૧૩ ટકા, બનાસકાંઠામાં ૨૪.૦૭ ટકા અને ગાંધીનગર જિલ્લામાં ૧૮.૩૪ ટકા વરસાદ નોંધાયો છે. આમ ઉત્તર ગુજરાતમાં ગાંધીનગર જિલ્લામાં જ સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લાના પણ આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો વરસાદ માણસા તાલુકામાં નોંધાયો છે જે સિઝનના ૧૦ ટકા કરતાં પણ ઓછો છે.

ઉત્તર ગુજરાતના જોટાણા તાલુકામાં ૪.૧૧ ટકા, ગાંધીનગરના માણસામાં ૯.૫૬ ટકા, બનાસકાંઠાના સુઈગામ તાલુકામાં ૯.૯૦ ટકા અને વાવ

**ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૧૮.૩૪ ટકા વરસાદ હજુ સુધી થયો છે : સૌથી ઓછો વરસાદ માણસા તાલુકામાં ૯.૫૬ ટકા : ઉત્તર ગુજરાતના ૪ તાલુકામાં સિઝનનો ૧૦ ટકા વરસાદ પણ થયો નથી**

રાજ્યમાં ૫૪.૨૧ ટકા વરસાદ અત્યાર સુધીમાં થયો છે. જેમાં ઉત્તર ગુજરાતમાં સીઝનનો માત્ર ૨૮.૨૭ ટકા જ વરસાદ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે મહેસાણા જિલ્લામાં ૨૦.૮૫ ટકા, સાબરકાંઠામાં ૩૮.૫૧ ટકા, અરવલ્લીમાં ૪૫.૯૭ ટકા, પાટણ ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકા છે. જેમાં દહેગામમાં ૨૪.૦૨ ટકા, ગાંધીનગર તાલુકામાં ૨૨.૩૫ ટકા, કલોલ તાલુકામાં ૧૮.૦૮ ટકા અને માણસા તાલુકામાં ૯.૫૬ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સૌથી ઓછો તાલુકામાં ૩.૩૪ ટકા વરસાદ નોંધાયો છે. આમ આ ૪ તાલુકા એવા છે જ્યાં સિઝનનો હજુ ૧૦ ટકા પણ વરસાદ નોંધાયો નથી.

ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા ખેતીક્ષેત્રને આ વખતે ભારે નુકશાન સહન કરવાનું આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## જિલ્લાની પરિસ્થિતિને લઈ રાજકીય નેતાઓના મૌનથી પ્રજા અવાક છે !!

**જિલ્લામાં માત્ર ૧૮.૩૪ ટકા વરસાદ પછી સરકારમાં પગલાં લેવા પણ નેતાઓનું મૌન પ્રજાને અકળાવી રહેલ છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો વરસાદ અત્યાર સુધીમાં ૧૮.૩૪ ટકા નોંધાયો છે છતાં પણ હજુ સુધી રાજકીય આગેવાનો દુષ્કાળની સ્થિતિ સરકારે જાહેર કરવી જોઈએ તેવી પ્રબળ માંગ સરકાર સમક્ષ રજુ કરવામાં નિષ્ફળ જતાં જિલ્લામાં ચોમેરથી નિરાશા અને દુઃખની લાગણી ઉભી થવા પામી છે.

જિલ્લામાં ૨૦૧૨ જેવી સ્થિતિનું નિર્માણ થવા જઈ રહ્યું છે. એ વખતે સરકારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની જે જાહેરાત કરી હતી તેમાં ગાંધીનગરનો સમાવેશ કર્યો હતો.

જિલ્લામાં અષાઢ મહિનો સામાન્તઃ વાવણીલાયક વરસાદ થઈ જવા સાથે સારો વરસાદ થતો હોય છે અને તેથી ખેડૂતોને પણ રાહત થતી હોય છે. આ વર્ષે હજુ સુધી માત્ર ૧૮ ટકા જ વરસાદ થયો છે.

ભૂગર્ભજળ માટે જિલ્લો ઓવર એક્સ્પોસઈટેશન કેટેગરીમાં આવે છે ત્યારે હવે પાકને બચાવવા માટે પિયતની પણ તાતી જરૂરિયાત ઉભી થવા પામી છે. આ સંજોગોમાં જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર

## શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ડૉ. શાહની પુનઃ પસંદગી



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ડૉ. કૌશિક શાહની પુનઃ નિયુક્તી કરવામાં આવી છે.

આજે કોંગ્રેસ કમિટીના પ્રભારી અશોક ગેહલોત દ્વારા આ અંગે વિધિવત્ જાહેરાત કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા આજે ત્રણ શહેર પ્રમુખો અને ૪ જિલ્લા પ્રમુખોની ઘોષણા કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ડૉ. કૌશિક શાહની પુનઃ પસંદગી કરવામાં આવી છે. ડૉ. શાહની પુનઃ પસંદગી થતાં જ કોંગ્રેસ કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વાવોલના કુબેરનગરમાં રોગચાળાની ભીતિ અંગેના અખબારી અહેવાલ મુદ્દે માનવ અધિકાર પંચની નોટીસ

ગાંધીનગર, તા. ૨

વાવોલ કુબેરનગર વિસ્તારમાં રોગચાળાની ભીતિ રહેણાંક વિસ્તારમાં દુર્ગંધયુક્ત પાણીનું થતુ વિતરણ અંગે પ્રસિદ્ધ થયેલા અખબારી અહેવાલોને સુઓમોટો તરીકે દાખલ કરી રાજ્ય માનવ અધિકાર આયોગે જિલ્લા પંચાયત પાસે જવાબ માગ્યો છે.

આ અંગે પાઠવેલા પત્રમાં જણાવાયુ છે કે આ ઘટના અંગે રાજ્ય માનવ અધિકાર પંચ માનવ સંરક્ષણ અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૨ હેઠળ ચકાસણી કરીને કલમ-૧૮ મુજબના પગલાં લેવા ધારે છે. આ અંગે આમ તો અહેવાલ મોકલી આપવા જણાવ્યુ છે.

જિલ્લા વિકાસ અધિકારીને આ નોટીસ મળતાં જ જિલ્લાનું આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે અને આ બાબતે વિગતવાર અહેવાલ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## રવિવારે વિચાર વર્તુળમાં પ્રકાશ ન. શાહનું વક્તવ્ય

ગાંધીનગર, તા. ૨

વિશ્વગ્રામ પ્રેરિત ગાંધીનગરના વિચાર વર્તુળ દ્વારા સાંપ્રત સમયમાં સદ્ભાવના, સંવેદના અને સમન્વયના પર્યાયની ખોજમાં વિચારશીલ તથા ચિંતનશીલ વ્યક્તિઓનો સમાલાપ થાય તે હેતુથી વિચાર વિમર્શ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં આ વખતે જાણીતા વરિષ્ઠ પત્રકાર પ્રકાશ ન. શાહ 'લોક આંદોલનનું બદલાતુ સ્વરૂપ અને લોકશાહી' વિષયે તેમનું વક્તવ્ય રજૂ કરશે. આ કાર્યક્રમ આગામી તા. ૫મી ઓગષ્ટ રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન સેક્ટર-૨૩માં કડી કેમ્પસના ગેટ નં. ૨ પાસેની એચ.કે. પટેલ એમબીએ કોલેજના વર્ગખંડ નં. ૪ ખાતે યોજાશે જેનો લાભ લેવા શહેરની રસિક જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગર મનપાના કાઉન્સીલરોના વેતન ભથ્થામાં રૂ. ૪ હજારનો વધારો

**વાર્ષિક અંદાજે બે લાખ જેટલુ ભારણ વધશે : કોર્પોરેટરને હવે મહિને ૭ હજાર પગાર મળશે**

ગાંધીનગર, તા. ૨

રાજ્યના શહેરી વિકાસ વિભાગે આજે ૮ મહાનગરપાલિકાઓના કાઉન્સીલરોને અપાતા વેતન ભથ્થાના દરમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

શહેરી વિકાસ વિભાગે કરેલા નિર્ણય મુજબ જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગરના કોર્પોરેટરને માસિક રૂ. ૭ હજારનું માનદ્ વેતન અને સીટીંગ દીઢ ભથ્થુ રૂ. ૫૦૦ તેમજ દર મહિને ટેલિફોન ભથ્થુ ૧૦૦૦ રૂ. અને સ્ટેશનરી ભથ્થુ રૂ. ૧૫૦૦ લેખે મળશે.

જ્યારે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના કોર્પોરેટરને માસિક રૂ. ૧૨ હજાર લેખે માનદ્ વેતન અપાશે. જ્યારે મિટીંગ ભથ્થુ, ટેલિફોન બિલ અને સ્ટેશનરી ભથ્થુ તમામ મનપાના કાઉન્સીલરોને એક સરખુ મળશે.

શુક્રવારે જ ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા મળવાની છે એટલે પૂર્વસંધ્યાએ જ આ મહત્વનો નિર્ણય સરકારે કર્યો છે.

આ અગાઉ તમામ કોર્પોરેટરોને માસિક રૂ. ૩ હજાર માનદ્ વેતન મળતુ હતુ જ્યારે તેમજ મીટીંગ ભથ્થુ ૨૫૦, ટેલિફોન ભથ્થુ ૭૫૦ રૂ. અને સ્ટેશનરી ભથ્થુ ૫૦૦ ૨. લેખે મળતુ હતુ.

ગાંધીનગર મનપાની તિજોરી પર વાર્ષિક અંદાજે બે લાખ જેટલુ ભારણ વધશે તેમ મનાઈ રહ્યું છે.

## આઈસીએસઈ બોર્ડ ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષા લેશે

**બોર્ડ દ્વારા પ્રશ્નપત્રો ઇ-મેલ દ્વારા શાળાઓને મોકલાશે : જેજી ઇન્ટરનેશનલ, કેલોરેક્સ તેમજ ઝાયડસ સહિત કુલ ૧૫થી વધુ સ્કુલ આઇસીએસઇ બોર્ડની સાથે સંલગ્ન છે**

અમદાવાદ, તા.૨

કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (આઈસીએસઈ) પણ હવે હાલમાં ચાલી રહેલા આ શૈક્ષણિક વર્ષમાં સ્કૂલની પરીક્ષા પેટર્નમાં ફેરફાર કરી રહી છે. અત્યાર સુધી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનાં પ્રશ્નપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવતાં હતાં, પરંતુ હવે ધોરણ-૯ અને ધોરણ-૧૧ની પરીક્ષા પણ હવે બોર્ડ દ્વારા લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે માટે આઈસીએસઈ બોર્ડે તજવીજ હાથ ધરી છે. નવી પધ્ધતિના ફેરફારમાં પરીક્ષાનાં પેપર બોર્ડ પોતાના સ્તરે જ તૈયાર કરાવશે. ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા બે સત્રમાં લેવાશે. ધોરણ-૯ની પરીક્ષા તા.૧૨ નવેમ્બરથી ૨૮ નવેમ્બર સુધી અને ધોરણ-૧૧ની પરીક્ષા તા.૧૨ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી લેવાશે. ગુજરાતમાં ધોરણ-૯ની વાર્ષિક પરીક્ષા તા.૧૧ ફેબ્રુઆરી અને ધોરણ-૧૧ની વાર્ષિક પરીક્ષા તા.૧ ફેબ્રુઆરી, ૨૦૧૯થી શરૂ કરવામાં આવશે. અત્યાર સુધી આઈસીએસઈની પરીક્ષાઓ શાળા કક્ષાએ લેવાતી હતી અને તેનાં પ્રશ્નપત્ર પણ શાળા કક્ષાએ તૈયાર કરવામાં આવતાં હતાં. આઈસીએસઈ દ્વારા ધોરણ-૯ અને ૧૧નાં પ્રશ્નપત્ર વાર્ષિક પરીક્ષાના સમયે બોર્ડ દ્વારા જ તૈયાર કરાયા બાદ ઈ-મેઈલ દ્વારા શાળાઓને મોકલી આપવામાં આવશે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

વિદ્યા લાયબ્રેરી ૨૯માં વર્ષ નિમિત્તે યોજે છે.
બાવીસમો ભવ્ય પુસ્તક મેળો
તા. ૫, ૬ ઓગસ્ટ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેક્ટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર ડીક્ષનરી : OXFORD - GALA ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/- 1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ ₹ 35, 50
પૂરવણી (૫૦ નંગ) ₹ 100 / ₹ 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
₹ 50/- પેનબોક્સ (નંગ-૨૦) Diploma ₹20/-, ડિગ્રી ₹50/- LL.B. સજેશન ₹20/-
તારીખ : ૫, ૬ - ઓગસ્ટ - ૨૦૧૮
રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
વિદ્યા લાયબ્રેરી
વિદ્યા શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079--232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com